<u>પર. ફોજ. અરજી નં.૫૮૪/૨૦૨૬</u>

જામીન અરજી વંચાણે લીધી. જામીન અરજીના અનુસંધાને એફ.આઇ.આર. તથા સાધનીક કાગળો તથા ચાર્જશીટ વંચાણે લીધુ.

તહોમતદાર/તહોમતદારો તરફે તેઓની જામીન અરજી મુજબની રજુઆત કરી અરજદાર ને મુકત કરવા અરજ ગુજારેલ છે.

હાલના કેસની હકીકત ધ્યાને લેવામાં આવે તો, હાલના ગુનાના તહોમતદાર/તહોમતદારો સામે જે મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. તે ધ્યાને લેતા તથા જામીન અરજી તથા ચાર્જશીટ ધ્યાને લેતા તહોમતદાર/તહોમતદારો પોલીસને તપાસમાં સહકાર આપતા હોય જે તે સમયે અટક કરેલ નથી અને ચાર્જશીટ સાથે રજુ કરેલ છે. તે જોતા અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન પણ સાથ સહકાર આપશે તેમ જણાઇ આવે છે તેમજ નિયમીત હાજર રહેશે તેવુ જણાઇ આવે છે. જેથી તહોમતદાર/તહોમતદારો સામે આક્ષેપાયેલા ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઇ તથા તહોમતદાર ની હાજરીની શકયતા ચકાસતા હાલના તહોમતદાર/તહોમતદારોની હાલની જામીન અરજી મંજુર થવા પાત્ર હોવાનું જણાઇ આવતુ હોય, આવે છે. જેથી હાલના તહોમતદાર/તહોમતદારોની હાલની જામીન અરજી લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

-:: <u>હુકમ</u> ::-

આ કામના તહોમતદાર/તહોમતદારોની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે. આ કામના તહોમતદાર/તહોમતદારો એ નિયમીત હાજર રહેવાની શરતે રૂ.૫,૦૦૦/-(પાંચ હજાર પૂરા) ના જામીન તથા જાતમુચરકા રજુ કર્યેથી જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**તા.૧૧/૦૮/૨૦૨૬** **(જે.ટી.પટેલ)**

**સ્થળ: સિહોર.** **એડી. જયુડી.મેજીસ્ટ્રેટ (પ્રથમવર્ગ)**

**સિહોર, જી.ભાવનગર.**